ગાંધીનગર સમાચાર, પાના નં.૦૬, તા. ૦૮-૦૬-૨૦૨૫

અનુસંધાન પાના નં.૦૫

મેટ્રો ટ્રેનના કેબલની ચોરી કરતી આંતરરાજ્ય ગેંગ અંતે ઝડપાઈ

ગાંધીનગર LCBએ ૩૫થી વધુ ગુના ઉકેલ્યા : મેટ્રો લાઇન કેબલ ચોરીને અંજામ આપતી આંતરરાજ્ય ખેકડા ગેંગના ચાર સભ્યો ઝડપાયા : ઝાડ પર ચડીને કટરથી કેબલ કાપતા : ભાડાના મકાનમાં મુદ્દામાલ સંતાડ્યા બાદ ટ્રેનથી દિલ્હી સપ્લાય કરતા

કબ્જે કરેલ મુદ્દામાલ : (૧) કોપર વાયરના કુલ ૮ પાર્સલમાંથી મળેલ કુલ ૨૮ નંગ ટુકડા વજન ૩૬૮.૭૬૦ કિ.ગ્રા. (૨) કેબલના પ્લાસ્ટીકના કવરના ટુકડા ૧૩૦.૨૧૦ કિ.ગ્રા. (૩) કેબલ વાયર કટર નંગ-૧ (૪) કટરની બ્લેડ નંગ-૪ (૫) સોયા નંગ-૫ (૬) નાયલોનની દોરીનુ રીલ નંગ-૧ (૭) મોબાઇલ નંગ-૪ (૮) કિયા કંપનીની કેરેન્સ ગાડી

પકડાયેલ આરોપીઓના નામ

(૧) મુશરફ ઈરશાદ મુલેજાટ, ઉ.વ-૩૨, રહેવાસી-પાઠશાલારોડ, સરસ્વતીનગર૨પાર્ક-નીસામે, ખેકડા, જી.બાગપત, ઉત્તરપ્રદેશ મુળગામ-પલડા, જી.બાગપત, ઉત્તરપ્રદેશ

(૨) રાશીદ S/O ઈશાક ઈસ્માઈલ ધોબી (મુસ્લીમ), ઉ.વ-૨૧, રહે.ગામ ખેકડા, સરસ્વતીનગર મહોલ્લા, તાલુકો-ખેકડા, જીલ્લો. બાગપત, ઉત્તરપ્રદેશ

(૩) રાશીદ અબ્દુલઅઝીઝ શબ્બીર અંસારી, ઉ.વ-૪૫, મુળ રહેવાસી-સદીકનગર, પટ્ટીમુંડાલા, ખેકડાગામ, થાના-ખેકડા, તા.ખેકડા, જી.બાગપત, ઉત્તરપ્રદેશ

(૪) ઇરશાદ મજીદ અલ્લામેહર મલીક (તેલી) ઉ.વ.૩૩ મુળરહે.-મીતલીગામ, મદરેસાનીબાજુમાં, વિશ્વકર્મા મંદિર પાસે, થાના-બાગપત, તા.જી.બાગપત ઉત્તરપ્રદેશ

વોન્ટેડ તથા ગુન્હામાં સામેલ આરોપીઓના નામ

(૧) શહેજાદ અમરૂદીન મલીક (૨) આમીર અકબર મલીક (૩) આરીફ બાબુ મલીક (૪) ઇકલાખ ઇકબાલ મલીક (૫) ઇમરાન મલીક (૬) આરીફ રફીક (૭) સોનુ બાબુ કસાર (૮) અરશદ અસગર મલીક નામના આરોપીઓ તમામ તા.ખેકડા જી.બાગપત ઉત્તરપ્રદેશના રહેવાસી છે. જ્યારે (૯) બિલાલ કુરેશી (૧૦) રાજા કુરેશી (૧૧) માસુમ યાસીન મલીક નામના આરોપીઓ રહે-કેલ્લા ભટ્ઠા ગાજીયાબાદ ઉત્તરપ્રદેશના રહેવાસી છે.

આરોપીઓ કેબલ ચોરીને કેવી રીતે અંજામ આપતા

આરોપીઓ અલગ અલગ રાજ્યોમાં જ્યાં મેટ્રો રેલ્વે લાઈન ચાલુ છે તે શહેરમાં જઈ રેલ્વે સ્ટેશન નજીકની હોટલોમાં રોકાણ કરતા હતા, જસ્ટ ડાયલ તથા અન્ય રીતે સેલ્ફ ડ્રાઈવીંગમાં મોટી ફોર વ્હીલર કાર તેમની જરૂરિયાત મુજબ ભાડેથી રાખતા અને નજીકમાં કોઈ બ્રોકરોનો સંપર્ક કરી ભાડેથી મુદ્દામાલ છુપાવવા માટે મકાન ભાડે રાખતા હતા ત્યારબાદ નક્કી કરેલ સ્થળ ઉપર જઈ ચોરીને અંજામ આપતા હતા.

આરોપીઓ ભાડેથી મેળવેલ ગાડી દ્વારા મેટ્રો રૂટ ઉપર રેકી કરતા જેમાં મેટ્રોના બ્રીજના પીલર નજીક કોઈ મોટુ વૃક્ષ આવેલ હોય તેના સપોર્ટ દ્વારા દોરડાનો ઉપયોગ કરી ઉપર ચડી અથવા મેટ્રોના પીલ્લરની બાજુમાં કોઈ સપોર્ટ માટે દિવાલ આવેલી હોઈ તો તે જગ્યાનો પણ ઉપયોગ કરી મેટ્રો લાઈનના કેબલોને મોટા કટર વડે કાપી કેબલ ચોરીને અંજામ આપતા હતા, ત્યારબાદ ગાડીમાં કેબલોને ભાડે રાખેલ મકાનમાં લઈ જઈ ઉપરથી પ્લાસ્ટીક અથવા રબરના પડને દુર કરી તેમાંથી કોપરના વાયરો અલગ કરી તેનુ પેકીંગ કરી ટ્રેન મારફતે અમદાવાદ કાલુપુર રેલ્વે સ્ટેશનથી દિલ્હી ખાતે મોકલી આપી વેચાણ કરતા હતા.

ખેકડા ગેંગે ૩૫ ગુનાની કબુલાત કરી

આમ પોલીસ તપાસમાં આરોપીઓએ ગુજરાતમાં કુલ-૩, પુના મહારાષ્ટ્ર ખાતે કુલ-૧૨, પનવેલ નવી મુંબઈ મહારાષ્ટ્ર ખાતે કુલ-૬, તેમજ દિલ્હી ખાતે કુલ-૧૪ તથા ભોપાલ, ઈન્દોર વિગેરે ખાતે મળી કુલ ૩૫ મેટ્રો લાઈનના કેબલોની ચોરી કરેલાની કબુલાત કરી છે. આ ઉપરાંત ભારતભરના મેટ્રો સ્ટેશનોમાં કેબલ ચોરીના બનાવોમાં આ ગેંગની સક્રીય ભુમિકા જણાઈ આવેલ છે જેથી તમામ મેટ્રો સ્ટેશનોનો સંપર્ક કરી વધુ ગુનાઓમાં પણ આરોપીઓની સંડોવણી મળી આવવાની શક્યતા છે જે બાબતે ટેકનીકલ તેમજ હ્યુમનસોર્સ આધારે વધુ તપાસ હાથ ધરી છે

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર તેમજ અમદાવાદ શહેરના મેટ્રો લાઈનની કેબલ ચોરી તેમજ મહારાષ્ટ્ર, દિલ્હી, પુણે તથા ભારતભરના મેટ્રો સ્ટેશનના કેબલ ચોરીને અંજામ આપતી આંતર રાજ્ય "ખેકડા ગેંગ" ના કુલ- ૪ ઈસમોને એલસીબી પોલીસે ઝડપી પાડ્યા છે. ગાંધીનગર એલસીબી પોલીસે સૌ પ્રથમવાર મુદ્દામાલ સાથે ટોળકીના ચાર સભ્યોને પકડી કુલ- ૩૫ જેટલા ગુના ડિટેક્ટ કરી આંતરરાજ્ય ગેંગનો પર્દાફાશ કર્યો છે.

મળતી વિગત મુજબ ગઇ તા.૦૨/૦૬/૨૦૨૫ના રોજ આઈ.પી.એલ. મેચ દરમ્યાન મોડી રાત્રીના કલાક ૦૨/૦૫ થી કલાક ૦૩/૦૦ વાગ્યાના સમયગાળા દરમ્યાન કોબા સર્કલ પાસે આવેલ જુના કોબા મેટ્રો સ્ટેશન નજીક કોઈઅજાણ્યા ઈસમોએ ૭૦૦ મીટર કેબલ કિંમત રૂપિયા ૧૭,૮૫,૦૦૦/- નો કટર વડે કાપી ચોરી કરી લઈ ગયા હતા જેને પગલે જિલ્લા પોલીસ વડા રવિતેજા વાસમ શેટ્ટીએ ગુન્હાવાળી જગ્યાની વિઝીટ કરી હતી અને સત્વરે આ ગુન્હાનો ભેદ ઉકેલાય તે અંગે એલસીબી વન પીઆઈ ડી.બી.વાળા તથા એલ.સી.બી.-૨ પી.આઇ એચ.પી.પરમાર ને જરૂરી માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. ત્યારબાદ પીઆઇ ડી.બી.વાળા તથા પીઆઈ એચ.પી.પરમારના સુપરવિજનમાં આ ગુનાનો ભેદ ઉકેલવા અલગ-અલગ અધિકારીઓની ચાર ટીમની રચના કરવામાં આવી હતી જેમાં પો.ઈન્સ. જે.જે.ગઢવી, પો.ઈન્સ. એન.બી. ચૌધરી, પો.સ.ઈ., કે.કે. પાટડીયા તથા પો.સ.ઈ. આર.જી.દેસાઈનો સમાવેશ કરવામાં આવ્યો હતો આ બનાવ અનુસંધાને નેત્રમ પ્રોજેક્ટ અંતર્ગત ગાંધીનગર શહેર ખાતે લગાવવામાં આવેલ અલગ-અલગ સી.સી.ટી.વી. કેમેરાઓને ચેક કરવા માટે તેમજ ટેકનીકલ એનાલીસીસ માટે અલગ-અલગ ટીમ બનાવવામાં આવી હતી જે તપાસ દરમ્યાન બનાવ સમયે બે શંકાસ્પદ ગાડીઓ ઓળખી કાઢી હતી જેના આધારે વાહન માલીકની પુછપરછ કરતા આરોપીઓની ઓળખ થઈ હતી. જે આધારે ટેકનિકલ સર્વેલન્સ કરી તથા ખાનગી બાતમીદાર દ્વારા જાણવા મળેલ કે, આ બનાવમાં સંડોવાયેલ આરોપીઓએ ચોરીનો મુદ્દામાલ છુપાવવા કલોલ ખાતે એક મકાન ભાડેથી રાખેલ છે અને તે મકાનમાં જુના કોબા મેટ્રો સ્ટેશન પાસે થયેલ મેટ્રો કેબલ ચોરીનો મુદ્દામાલ હાલ ત્યાં રાખેલ છે અને

● અનુસંધાન પાન-૫ પર

ગેંગ અંતે ઝડપાઈ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ મુદ્દામાલ સગેવગે કરવા માટે આરોપીઓ મકાન ઉપર હાજર છે જેથી પોલીસે કલોલ ખાતે તપાસ કરતા ચાર ઈસમો મળી આવ્યા હતા તેઓ ચોરીમાં ગયેલ મુદ્દામાલના કેબલ છોલીને અલગ-અલગ ટુકડા કર્યા હતા જે કોપર વાયર કુલ ૩૬૮.૭૯૦ કિ.ગ્રા., જે કોપર વાયરની કિ.ગ્રા.ની કિ.રૂ.૮૦૦- લેખે કુલ કિ.રૂ.૨,૯૫,૦૩૨/- તથા પ્લાસ્ટીકના કવરના ટુકડાઓનુ વજન ૧૩૦.૨૧૦ કિ.ગ્રા. છે જે ૧ કિ.ગ્રા. પ્લાસ્ટીકના ટુકડાની

કિ.રૂ.૧૦/- લેખે કુલ કિ.રૂ.૧૩૦૨/- મળી કુલ મેટ્રો કેબલના મુદ્દામાલની કિ.રૂ.૨,૯૬,૩૩૪/-તથા અન્ય મુદ્દામાલ કિયા કેરેન્સ ગાડી, મોબાઈલ ફોન વિગેરે મળી કુલ કિ.રૂ.૮,૩૨,૬૪૪/- ના મુદ્દામાલ સાથે મળી આવ્યા હતા અને આ ચાર ઈસમોએજુના કોબા મેટ્રો સ્ટેશન ખાતે થયેલ ચોરીની કબુલાત કરી હતી.

એલસીબી પોલીસે વધુ પુછપરછ કરી ટેકનીકલ એનાલીસિસ આધારે ખરાઈ કરતા આ મેટ્રો કેબલ ચોરીને કુલ-૧૩ જેટલા ઈસમોએ સાથે મળી અંજામ આપ્યો હતો અને આજ પ્રકારની મેટ્રો કેબલ ચોરી ગઈ તા.૨૨/૦૫/૨૦૨૫ના રોજ વહેલી સવારે અમદાવાદ શહેરના શાહપુર મેટ્રો સ્ટેશન નજીકથી પણ ચોરી કરી હોવાની કબુલાત કરી હતી આ સિવાય અગાઉ

અમદાવાદ ખાતે ૨૦૨૪માં ઓક્ટોબર મહિનામાં તેમની ગેંગના આરોપી માસુમ યાસીન મલીક જે ગ્યાસપુર મેટ્રો સ્ટેશન વેજલપુર અમદાવાદ ખાતેથી તેની સાથેના અન્ય સભ્યો દ્વારા ચોરીને અંજામ આપ્યો હતો અને ભુતકાળમાં અમદાવાદ-ગાંધીનગર મેટ્રોના રૂટ ઉપર રેકી કરી હોવાનું પણ જણાવ્યું હતું આ આરોપીઓની ટેકનિકલ ડેટાના આધારે વધુ પુછપરછ કરતા ગુજરાત સિવાય દિલ્હી ખાતે મેટ્રો કેબલની ૧૪ અલગ અલગ જગ્યાએ તથા પુના મહારાષ્ટ્ર ખાતે અલગ-અલગ ૧૨ જગ્યાઓ ઉપર તથા પનવેલ નવી મુંબઈ મહારાષ્ટ્ર ખાતે ૬ અલગ અલગ જગ્યાઓએ ચોરી કર્યાની કબુલાત આપેલ છે. આ સિવાય ભોપાલ તેમજ ઈન્દોરમાં પણ ગુના આચરેલ છે.